શ્રી પી.કે.દાસના અધ્યક્ષપણા હેઠળ રચાયેલ
સમિતિની ભલામણો અન્વયે આર્થિક ઉત્કર્ષની
યોજનાઓમાં આપવામાં આવતી નાણાંકીય
સહાયની રકમ ગુજરાત આદિજાતિ વિકાસ
નિગમને, જમા લે ચુકવવા અંગે.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
(આદિજાતિ વિકાસ વિભાગ),
ઠરાવ ક્રમાંક-ટીડીપી-૨૦૦૦-૭૮૦(૨૦૦૧)-પ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨/૯/૨૦૦૧

વંચાણે લીધા:-

૧.સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ(આ.વિ.)ના તા.૧૦-૧૧-૨૦૦૦ ના ઠરાવ ક્રમાંક-ટીડીપી-૨૦૦૦-૪૭૬-પ.
૨.કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસનો તા.૩૦-૫-૨૦૦૧ના પત્ર ક્રમાંક-આવિ/આગન-૨-૨૦૦૧-૮૯૭.

ઠ રા વ :-

આમુખ(૧)માં દર્શાવેલ ઠરાવથી ડૉ.પી.કે.દાસના અધ્યક્ષપણા હેઠળ રચાયેલ સમિતિની ભલામણો ન ગી ગુ.જનજાતિનાં લોકો માટેની, નીચેની આર્થિક ઉત્કર્ષની યોજનાઓનો અમલ ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ મારફતે કરવાનું નક્કી કરવામાં આવે છે.

(૧)એસ.ટી.ડબલ્યુ-૧૧,(બીસીકે-૧૩૬)પાયલોટ ટ્રેનીંગ
(૨)(એસ.ટી.ડબલ્યુ-૧૧૭(બીસીકે-૧૬૩)ડૉક્ટરો અને વકીલોને લોન/સહાય
(૩)એસ.ટીડબલ્યુ-૧૯૬(બીસીકે-૧૭૫)શહેરી વિસ્તારમાં રહેતા લોકોને ધંધાનું સ્થળ ખરીદવા સહાય અને લોન.
(૪)એસ.ટી.ડબલ્યુ-૧૧(બીસીકે-૧૭૮)પેટ્રોલ પંપ, કેરોસીન, ગેસ એજંન્સી માટે નાણાંકીય સહાય.

ઉપર જણાવેલ આર્થિક ઉત્કર્ષની યોજનાઓનો અમલ ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ મારફતે નક્કી કરવાનું હતાં આમુખ(૨)માં જણાવેલ પત્રથી કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસે આ આર્થિક ઉત્કર્ષની યોજનાઓમાં આપવામાં આવતી નાણાંકીય સહાય(સબસીડી)કોણે ચુકવવી તે માટે દરખાસ્ત કરી હતી. સરકારશ્રીએ આ બાબતની કાળજીપૂર્વક વિચારણા કરીને કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસે આ બાબતે યોજનાઓ હેઠળ કરેલી સહાયની જોગવાઈ ગુજરાત આદિજાતિ વિકાસ નિગમના હવાલે મૂકી આ આર્થિક ઉત્કર્ષની યોજનાઓનો સંપૂર્ણપણે અમલ ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ મારફતે થાય તેવું નક્કી કરવામાં આવેલ છે.

આ યોજનાઓ હેઠળ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસે સહાયની જોગવાઈ કરવાની રહેશે અને આ સહાય ગુજરાત આદિજાતિ વિકાસ નિગમના હવાલે મૂકવાની રહેશે. આ આર્થિક ઉત્કર્ષની યોજનાઓની લોનની જોગવાઈ ગુજરાત આદિજાતિ વિકાસ નિગમે તેના મૂડી ભંડોળમાંથી કરવાની રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.સી.સેનવા)
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
(આદિજાતિ વિકાસ વિભાગ),
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

પ્રતિ,
માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રી(આ.વિ.)નું કાર્યાલય,
કમિશ્નરશ્રી,આદિજાતિ વિકાસ,ગાંધીનગર,
કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ,ગાંધીનગર,
સર્વે જીલ્લા તકેદારી અધિકારીઓ,
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ,
હિસાબી ઓડીટ, ગાંધીનગર/અમદાવાદ,
એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ,
નાણાંકીય સલાહકારશ્રી,
નાણાં વિભાગ,
બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર,
વિભાગની સર્વે શાખા,
સિલેક્ટ ફાઈલ.